ધોરણ-૧૦ બોર્ડનું ૬૯.૧૦ ટકા પરિણામ : ગત વર્ષ કરતા ૨.૬ ટકા ઓછું

ગાંધીનગર જિલ્લાનું પરિણામ માત્ર ૫૪.૭૩ ટકા

ગાંધીનગર જિલ્લો સૌથી નીચા પરિણામ ધરાવતા જિલ્લાઓમાં; જિલ્લાના દસ કેન્દ્રોના પરિણામ ઘટયા; ૩૫ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી પણ નીચે

ગાંધીનગર, તા.૨

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૨માં લેવાયેલ ધો-૧૦નું આજે જાહેર થયેલ પરિણામ જિલ્લા માટે નિરાશાજનક રહેવા પામ્યું છે. જિલ્લાના ૧૮ કેન્દ્રો પૈકી ૧૦ કેન્દ્રના પરિણામમાં ગત વર્ષ કરતાં આ વર્ષે ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૫૪.૭૩ ટકા આવ્યું છે. રાજયના ઓછા પરિણામ ધરાવતા અંતિમ પાંચ જિલ્લામાં ગાંધીનગરનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લામાં આજે આવેલા આ નિરાશાજનક પરિણામને પગલે શૈક્ષણિક જગતમાં ભારે ગમગીની પ્રસરી જવા પામી છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી સતત પરિણામમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ૨૦૧૦ની તુલનામાં ૧૧ ટકા જેટલો ઘટાડો આ પરિણામમાં નોંધાયો છે. માર્ચ ૨૦૧૧માં પરિણામ ૫૭.૧૪ ટકા આવ્યું હતું જયારે ૨૦૧૨માં તે ઘટીને ૫૪.૭૩ ટકા નોંધાયું છે.

આજે જાહેર થયેલ પરિણામમાં જિલ્લામાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮,૪૬૦ હતી જે પૈકી પરીક્ષામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૦૩૧ હતી. આ પૈકી ૧૫૩૪૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ જાહેર કરાયા છે. જયારે ૧૨,૮૪૧ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લાના ૨૦૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે તો ૧૧૭૯ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ, ૧૯૯૭ વિદ્યાર્થીઓએ બી-૧ ગ્રેડ, ૨૮૨૫ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. ૩૮૪૪ વિદ્યાર્થીઓએ સી-૧ અને ૩૪૪૭સી-૨ ગ્રેડ પ્રાપ્ત કરી સફળતા પ્રાપ્ત કરી છે.

જિલ્લાના પાંચ કેન્દ્રોનું પરિણામ સૌથી નિરાશાજનક તો પાંચનું પરિણામ ૬૦ ટકાથી વધુ આવ્યું; સૌથી સારૂ પરિણામ શેરથા કેન્દ્રનું આવ્યું; ગત વર્ષની તુલનામાં ૨.૫૦ ટકાનો ઘટાડો નોંધાયો; ૧૨ હજાર વિદ્યાર્થી નાપાસ જાહેર થયા

આજે જાહેર થયેલા પરિણામ પર નજર કરીએ તો જિલ્લાની પાંચ શાળાઓનું પરિણામ ૦% આવ્યું છે. બે શાળાઓનું પરિણામ ૧૦ ટકા આવ્યું છે તો ૧૩ શાળાઓનું પરિણામ ૧૧ થી ૨૦ ટકા આવ્યું છે. જયારે ૧૫ શાળાઓનું પરિણામ ૨૧ થી ૩૦ ટકા આવ્યું છે. આમ જિલ્લામાં ૩૦ ટકા સુધીમાં પરિણામ મેળવનાર શાળાઓની સંખ્યા ૩૫ થવા જાય છે.

જિલ્લાની ૩૬ શાળાઓનું પરિણામ ૪૧ થી ૫૦ ટકા આવ્યું છે જયારે ૨૭ શાળાઓનું પરિણામ ૩૧ થી ૪૦ ટકા આવ્યું છે. ૫૧ થી ૬૦ ટકા સુધી પરિણામ મેળવનાર શાળાઓની સંખ્યા ૩૨ છે ૬૧ થી ૭૦ ટકા પરિણામ ૩૯ શાળા, ૩૩ શાળાઓનું પરિણામ ૭૧ થી ૮૦ ટકા અને ૮૧ થી ૯૦ ટકા સુધીનું પરીણામ મેળવતી શાળાઓની સંખ્યા ૯૫ થાય છે. જયારે ૧૨૦ શાળાઓનું પરિણામ ૬૦ ટકાથી વધુ અને ૯૯ ટકા સુધીનું આવ્યું છે.

જિલ્લામાં સૌથી ઓછું પરિણામ દહેગામ તાલુકાના કડજોદરા કેન્દ્રનું આવ્યું છે. જે ૨૮.૭૭ ટકા છે. બહિયલનું ૩૦.૨૫ ટકા, મગોડીનું ૩૨.૧૮ ટકા, ડભોડાનું ૩૨.૩૭ ટકા, પિલવાઈનું ૩૩.૩૫ ટકા પરિણામ આવ્યું છે. આમ પાંચ કેન્દ્રના પરિણામ ૪૦ ટકાથી પણ નીચે આવ્યા છે.

જિલ્લામાં ૬૦ ટકાથી વધુ પરિણામ પાંચ કેન્દ્રોનું આવ્યું છે. જેમાં ગાંધીનગરનું ૬૦.૪૫ ટકા, શેરથાનું ૬૭.૬૯ ટકા, કલોલનું ૬૧.૮૫ ટકા, અડાલજનું ૬૧.૩૯ ટકા, સોજાનું ૬૫.૬૧ ટકા પરિણામ આવ્યું છે. આમ સૌથી વધુ પરિણામ શેરથા કેન્દ્રનું આવ્યું છે.

જિલ્લાના ૧૦ કેન્દ્રો એવા છે જયાં ગત વર્ષ કરતાં આ વર્ષના પરિણામમાં ઘટાડો નોંધાયો છે. સૌથી મોટો ઘટાડો મગોડી કેન્દ્રમાં ૧૭.૫૯ ટકાનો નોંધાયો છે.

જે કેન્દ્રોના પરિણામમાં ઘટાડો નોંધાયો છે તેમાં ગાંધીનગર, માણસા, અડાલજ, ડભોડા, સરઢવ, ચાંદખેડા, કડજોદરા, લોદરા, દહેગામ અને મગોડીનો સમાવેશ થાય છે.

આજના આ જાહેર થયેલા પરિણામને પગલે જિલ્લાના શિક્ષણપ્રેમીઓ પણ નિરાશામાં ગરકાવ થઈ ચુકયા છે.જિલ્લામાં ધો-૧૨ અને ૧૦ના નિરાશાજનક પરિણામ તેમજ ગુણોત્સવમાં નિરાશાજનક દેખાવને લઈ શિક્ષણ સુધારણા અભિયાન વિશેષ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

જિલ્લાના કયા કેન્દ્રનું કેટલુ પરિણામ

ગાંધીનગર	૬૦.૪૫	સોજા	૬૫.૬૧
છાલા	૪૯.૩૧	સરઢવ	૫૫.૩૭
શેરથા	૬૭.૬૯	ચાંદખેડા	૫૯.૯૩
કલોલ	૬૧.૮૫	કડજોદરા	૨૮.૭૭
માણસા	૫૩.૮૦	મગોડી	૩૨.૧૮
બહિયલ	૩૦.૨૫	મુબારકપુર	૪૩.૦૧
અડાલજ	૬૧.૩૯	લોદરા	૪૭.૬૧
આજોલ	૫૧.૫૬	પિલવાઈ	૩૩.૩૫
ડભોડા	૩૨.૩૭	દહેગામ	૪૪.૫૦

નગરના તેજસ્વી તારલાઓ...

વિદ્યાર્થીનું નામ	શાળાનું નામ	ગુણ
તિર્થ વિક્રમકુમાર જાની	સ્વામિનારાયણ ગુરુકૂળ	૪૮૧
રીમા દિનેશભાઈ પટેલ	આર.સી.પટેલ	૪૭૯
શ્રુતિ પી. કપોપરા	ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ	૪૭૯
આકાશ. એમ. શાહ	ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ	૪૭૬
ઉજ્જવલ પટેલ	ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ	૪૭૬
દ્રોણ. બી. ત્રિવેદી	ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ	૪૭૬
પલ્લવ બોરીસાગર	માઉન્ટ કાર્મેલ	૪૭૫
રચના એમ. પટેલ	આર. સી. પટેલ	૪૭૪
મૌલિક પ્રજાપતિ	ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ	૪૭૪
મનીષ પટેલ	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૭૩
દીપ. જે. કાપડીયા	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૭૨
કરણ. એમ. પટેલ	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૭૨
પાર્થ. આર. પટેલ	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૭૧
રીંકલ. ડી. ગોહિલ	આર.જી. કન્યા વિદ્યાલય	૪૭૦
સાગર ચૌહાણ	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૭૦
મૌલિક મહેતા	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૭૦
રિધ્ધિ શુક્લ	માઉન્ટ કાર્મેલ	૪૭૦

ગાંધીનગર શહેરના પરિણામમાં પણ ૪.૦૮ ટકા ઘટાડો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરનું ધો. ૧૦નું પરિણામ અત્યંત નિરાશાજનક રહેવા પામ્યું છે. ગત વર્ષની તુલનામાં શહેરના પરિણામમાં ૪.૦૮ ટકાનો ઘટાડો નોંધાયો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦ની માર્ચ-૨૦૧૨ની પરીક્ષાના આજે જાહેર થયેલ પરિણામમાં જિલ્લાનું પરિણામ ૫૪.૭૩ ટકા આવ્યું છે જ્યારે શહેરનું પરિણામ ૬૦.૪૫ ટકા આવ્યું છે.

ગાંધીનગર કેન્દ્રમાં ધો. ૧૦ના નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૮૫૫૪ હતી જે પૈકી ૮૪૧૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૫૦૮૬ વિદ્યાર્થી ઉત્તીર્ણ જાહેર થતાં શહેરનું પરિણામ ૬૦.૪૫ ટકા થવા જાય છે. ગત વર્ષે શહેરનું પરિણામ ૬૪.૫૩ ટકા આવ્યું હતું. આમ આ વર્ષના પરિણામમાં ૪.૦૮ ટકાનો ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગરના તારલાઓની તસવીરો પાના નં. ૬ પર

ગણિત, સામાજિક વિજ્ઞાન વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધુ હોવાનું જાણવા મળેલ છે. આજે જાહેર થયેલ આ પરિણામમાં શહેરની બે શાળાઓના પરિણામ ૧૦૦ ટકા આવ્યા છે. જો કે જિલ્લામાં ૧૦૦ ટકા પરિણામ મેળવનાર શાળાઓની સંખ્યામાં ગત વર્ષની તુલનામાં ઘટાડો થયો છે. ગયા વર્ષે જિલ્લાની ૨૪ શાળાઓના પરિણામ ૧૦૦ ટકા આવ્યા હતા જયારે આ વર્ષે તે ઘટીને ૧૭ શાળાઓ થઈ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૨૦૬ વિદ્યાર્થીઓ જ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે.

જિલ્લાના લગભગ તમામ શહેરી વિસ્તારોના કેન્દ્રોના પરિણામમાં ઘટાડો નોંધાયો છે તો ગ્રામ્ય વિસ્તારમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. પ્રશ્નપત્રો સરળ નિકળ્યા બાદ પરિણામમાં નોંધાયેલા ઘટાડાને પગલે વાલી વર્ગમાં ચિંતાની લાગણીનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. શૈક્ષણિક જગતમાં પણ આજના પરિણામ પછી એક સન્નાટો જોવા મળી રહ્યો છે.

નગરની શાળાઓનું પરિણામ

શાળાનું નામ	પરીક્ષાર્થી	ઉત્તીર્ણ	પરિણામ
ઈન્ફોસીટી સ્કૂલ	૫૨	૫૨	૧૦૦ટકા
અંધ શાળા	૩	૩	૧૦૦ટકા
સ્વામીનારાયણ ગુરૂકુલ (સેલ્ફ ફાઈનાન્સ)	૬૩	૬૨	૯૮.૪૧ ટકા
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૨૦૮	૨૦૪	૯૮.૦૭ટકા
માઉન્ટ કાર્મેલ	૧૬૪	૧૬૦	૯૭.૫૬ ટકા
આર.સી. પટેલ હાઈસ્કૂલ	૩૯૯	૩૮૭	૯૬.૯૯ટકા
શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૫૦૭	૪૮૩	૯૫.૨૭ટકા
એમ.બી. પટેલ, ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ	૨૧૩	૨૦૦	૯૩.૮૯ટકા
આર.જી. કન્યા વિદ્યાલય	૪૦૩	૩૭૪	૯૨.૮૦ટકા
પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલય	૯૦	૮૦	૮૮.૮૮ટકા
જે.એમ.ચૌધરી સ્કૂલ (ગ્રાન્ટેડ)	૨૩૬	૧૯૩	૮૧.૮૭ટકા
શાંતિનિકેતન શાળા	૩૦	૨૪	૮૦.૦૦ટકા
આદર્શનિવાસી કુમાર શાળા	૨૦	૧૬	૮૦.૦૦ટકા
જે.એમ.ચૌધરી વિદ્યાલય, (નોન ગ્રાન્ટેડ)	૧૧૭	૯૧	૭૭.૭૭ટકા
પ્રેરણા વિદ્યાલય	૪૦	૨૮	૭૦.૦૦ટકા -
માતંગી વિદ્યાલય	૨૬	૧૫	૫૮.૦૦ટકા

ઈન્ફોસિટી સ્કૂલ ૧૦૦ ટકા પરિણામ સાથે નગરની શાળાઓમાં મોખરે

એ-૧ ગ્રૂપમાં સૌથી વધુ૩૭ વિદ્યાર્થીઓ સાથે શેઠ સી.એમ. વિદ્યાલય મોખરે : સ્વામિનારાયણ ગુરુકૂળના તીર્થ જાની નગરમાં પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા. ૨

શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો-૧૦ની બોર્ડની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. જેમાં જિલ્લાની ૧૭ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. જયારે શહેરમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કૉલેજ તેમજ સે-૧૬ મહાશાળાએ પણ પરિણામમાં સો ટકા સિધ્ધિ હાંસલ કરી છે.

માર્ચ-૨૦૧૨ માં લેવાયેલી ધો-૧૦ની પરીક્ષામાં જિલ્લાની ૩૦ શાળાઓ ૯૦ ટકા ઉપર પરિણામ મેળવેલ છે. જયારે ૧૭ જેટલી શાખાઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. જેમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કૉલેજમાં પરીક્ષામાં બેઠેલા ૫૨ વિદ્યાર્થીઓ પૈકી તમામ ઉત્તીર્ણ થતાં સંપૂર્ણ પરિણામ આવેલ છે. સે-૧૬ મહાશાળાના પણ ત્રણેય વિદ્યાર્થઈઓ ઉત્તીર્ણ તથા સો ટકા પરિણામ મેળવેલું છે. જયારે જિલ્લામાં એ-૧ ગ્રેડમાં ઉત્તીર્ણ થનાર ૨૦૬ વિદ્યાર્થીઓ પૈકી ૩૮ વિદ્યાર્થીઓ સે-૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલના છે. જયારે ૧૬ વિદ્યાર્થી સેન્ટ ઝેવિયર્સ, ૧૭ આર.જી. પટેલ કન્યા શાળા અને ૮ વિદ્યાર્થીઓ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કૉલેજનાં છે. શહેરમાં સૌથી વધુ ગુણ સ્વામિનારાયણ ગુરુકૂળ શાળાનાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે. શાળાના વિદ્યાર્થી તિર્થ જાનીએ ૫૦૦ માંથી ૪૮૧ ગુણ પ્રાપ્ત કરી ટૉપર્સમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુણ ચકાસણી અરજી ૧૬મી સુધી સ્વીકારાશે

અમદાવાદ, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ માધ્યમિક ધોરણ-૧૦ બોર્ડની માર્ચ ૨૦૧૨ની પરીક્ષા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગુણ ચકાસણી માટેની અરજીઓ ૧૬ જુન સુધી સ્વીકારવામાં આવશે. જયારે દફતર ચકાસણી માટેની અરજીઓ પણ ૧૬મી જુન સુધી સ્વીકારવામાં આવશે. આવીજ રીતે પૂરક પરીક્ષા માટેનાં આવેદનપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૬મી જુન રાખવામાં આવી છે.

કૃપાગુણથી પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયેલાં ઉમેદવારની ગુણ તૂટ રદ કરવા માટેની અરજી વડોદરા કચેરીમાં પરિણામ જાહેર થયાની તારીખથી ૩૦ દિવસ સુધી સ્વીકારવામાં આવશે, આની તારીખ પહેલી જુલાઈ રાખવામાં આવી છે. સમય મર્યાદા બાદ કોઈપણ સંજોગોમાં પૂરક પરીક્ષાની શાળાવાર યાદીની ફાઈલ સ્વીકારવામાં આવશે નહીં. પૃથક ઉમેદવાર જુલાઈ ૨૦૧૧ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે નહીં.

નાપાસ ૧૬૬૨૬૮ની જુલાઈમાં પૂરક પરીક્ષા

૧૮મીએ રૂબરૂ ફોર્મ ફી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ જાહેર કરવામાં આવેલા ધો. ૧૦બોર્ડના પરિણામમાં એક વિષયમાં પરિણામ સુધારણવાળા ૭૮૨૪૫ વિદ્યાર્થીઓ અનેબેવિષયમાં પરિણામ સુધારણાવાળા ૮૮૦૨૩ વિદ્યાર્થીઓ મળી ૧૬૬૨૬૮ વિદ્યાર્થીઓની જુલાઈમાં પૂરક પરીક્ષા યોજાશે. પૂરક પરીક્ષા માટે તા. ૧૬મી જૂન સુધીમાં પોતાની શાળામાં અરજી સ્વીકારાશે. શિક્ષણ બોર્ડ દ્વારા જણાવાયું છે કે પૂરક પરીક્ષાનો કાર્યક્રમ હવે પછી જાહેર થશે. પૂરક પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નિયત કરાયેલી પ્રવેશ ફી શાળામાં ફોર્મ સાથે આપવાના રહેશે. પૂરક પરીક્ષાની ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીને તા. ૧૮મી જૂને શાળામાં રૂબરૂ આપવાનો રહેશે. પૂરક પરીક્ષામાં ગુણપત્રકો ટપાલ દ્વારા મોકલી નહીં શકાય. બોર્ડના અધ્યક્ષ આરઆર વસાણીએ જણાવ્યું છે કે ધોરણ-૧૦ના જાહેર થયેલા પરિણામમાં એક અને બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓએ હતાશ થવાની જરૂર નથી.

તીર્થ જાનીને આઈ.આઈ.ટી.માં અભ્યાસ કરવાની ખેવના છે

ગાંધીનગર, તા. ૨

ધોરણ-૧૦માં ટોપર્સમાં મોખરું સ્થાન ધરાવનાર તિર્થ જાની - સ્નેક કેચર્સ પણ છે. ઝેરી-બિનઝેરી સર્પને પળમાં જ ઓળકી લેવા તિર્થને ડિસ્કવરી ચેનલ જોવી



બેહદ પસંદ છે. એન્જિનિયરીંગ ક્ષેત્રે અ ા ગ ા ળ આઇ.આઇ.ટી.માં અભ્યાસ કરવામાં માગતાં ટોપર્સના મને નથી એમ.સી. કર્યું. પદ્ધતિથી ભાષાના વિષયમાં પણ સારા ગુણ મેળવવાની તક મળે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૨માં લેવાયેલી ધો-૧૦ની પરીક્ષામાં ટોપર્સ તરીકે સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વીઓએ આગળ 'સાયન્સ' ફેકલ્ટીમાં અભ્યાસ કરવો છે. જયારે મોખરું સ્થાન પ્રાપ્ત કરનાર તિર્થને પણ એન્જિનિયરીંગ ક્ષેત્રે આઇ.આઇ.ટી.માં અભ્યાસ કરવાની ખેવના છે. ૫૦૦માંથી ૪૮૧ ગુણ મેળવી ૯૬.૨ ટકા ગુણ પ્રાપ્ત કરનાર તિર્થને આથી વધુ પરિણામની અપેક્ષા હતી. તેણે ગણિતમાં ૧૦૦, વિજ્ઞાનમાં ૯૯, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાનમાં ૯૬, અને ગુજરાતીમાં ૯૦ ગુણ પ્રાપ્ત થયા છે.

તિર્થને (સ્નેક કેચીંગ) ની પદ્ધતિમાં પણ અનોખી દિલચસ્પી છે. માટે જ ડિસ્કવરીમાં વાઇલ્ડ લાઇફ પ્રોગ્રામ જોવાનું ખુબ પસંદ છે. તિર્થના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાનના વિષયની તૈયારી ધો-૯માં વેકેશનમાં જ પૂર્ણ કરી દેવી જોઇએ. શાળાના શૈક્ષણિક કાર્ય સાથે રોજ ૧૯ કલાક અભ્યાસુ પધ્ધિતિમાં વ્યસ્ત એવા તેજસ્વીનો આગળ અભ્યાસ કરી વિદેશમાં સારી જોબ મેળવવી છે. તિર્થના પિતા વિક્રભાઇ શહેરી વિકાસ વિભાગમાં નાયબ સેકશન અધિકારી અને માતા જાગૃતિબેન કાયદા વિભાગમાં ફરજ બજાવે છે.

ટૉપર્સમાં મોખરાનું સ્થાન ધરાવનાર તિર્થ સ્નૅક કૅચર્સ ! : આગળ આઈ.આઈ.ટી.માં અભ્યાસ કરવાની ખેવના, ડિસ્કવરી ચૅનલ પર વાઈલ્ડ લાઈફ પ્રૉગ્રામ જોવાનો શોખ

ઈન્ફોસિટી જુ. સાયન્સ કૉલેજના ટૉપર્સને ડૉક્ટર બનવાની ખેવના

ચૉપડીમાં ઘૂસ્યા રહેવા કરતાં ફેશ માઈન્ડથી તૈયારી કરવી : શ્રુતિ

ગાંધીનગર, તા. ૨

ધોરણ-૧૦માં ટૉપર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરનારા ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના તેજસ્વીઓને આગળ બી ગ્રૂપમાં અભ્યાસ કરી આદર્શ ડૉક્ટર બનવાની ખેવના છે.

ધોરણ-૧૦માં ૫૦૦માંથી ૪૭૯ ગુણ પ્રાપ્ત કરનાર શ્રુતિ કપોપરાને વિજ્ઞાન પ્રવાહમાં બી ગ્રૂપમાં અભ્યાસ કરીને ડૉક્ટર બનવું છે. પ્રારબ્ધ કરતાં પુરુષાર્થમાં વધુ માનતી શ્રુતિએ રોજની ત્રણ-ચાર કલાકની મહેનતના અંતે અપેક્ષા મુજબનું પરિણામ પ્રાપ્ત કર્યું છે. તેણે ગણિત અને વિજ્ઞાન વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. આમીર ખાનની 'સત્યમેવ જયતે' પ્રોગ્રામ દરમ્યાન રજૂ થયેલ ઍપિસોડના અંતે દર્દીઓના દર્દને સમજવા અને સાચું નિદાન કરવાની ભાવના તેનામાં વધુ પ્રબળ બની હોવાનું જણાવતી શ્રુતિ વિદ્યાર્થીઓને ચોપડીમાં ઘુસ્યા રહેવાના બદલે ફેશ માઈન્ડથી તૈયારી કરવાનું સૂચવે છે. શ્રુતિને પેઈન્ટીંગ ઉપરાંત સૂફી સંગીત અને ગઝલો સાંભળવી ગમે છે. તેના પિતા પુરુષોત્તમભાઈ ઍન્જિનીયર



અને માતા કમળાબેન ગૃહિણી છે.

૪૭૬ ગુણ મેળવનાર ઉજ્જવલને સિવિલ ઍન્જિનીયર બનવું છે. ધાર્યા કરતાં વધુ પરિણામ આવ્યું હોવાની ખુશી વ્યક્ત કરતાં ઉજ્જવલે ગણિતમાં ૧૦૦ તેમજ અંગ્રેજીમાં ૯૮ ગુણ પ્રાપ્ત કર્યા છે. સતત ભણતરનો ભાર રાખ્યા વગર પ્લાનીંગ સાથે તૈયારી કરવાનું માનતા તેજસ્વીને ફરવાનો ભારે શોખ છે. વિકાસની સાથે અવનવા બાંધકામની પ્રવૃત્તિનો વ્યાપ પામવા તેણે સિવિલ એન્જિનીયર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

તેના પિતા મનીષભાઈ કુડાસણ નવયુગ વિદ્યાલયમાં પ્રિન્સીપાલ છે. જયારે માતા શિલ્પાબેન ગૃહિણી છે. એ-૧ ગ્રૂપમાં સ્થાન મેળવનાર ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના આકાશ શાહે ગણિતમાં ૯૯ અને વિજ્ઞાનમાં ૯૭ ગુણ સહિત કુલ ૪૭૬ ગુણ પ્રાપ્ત કર્યા છે. માત્ર અભ્યાસના પ્રવાહો સિવાય બહારની દુનિયામાં શું ચાલે છે તે માટે સતત અપગ્રેડ થવા અખબારોનું પણ વિશેષ વાચન કરવા આકાશને સેવાભાવી ડૉક્ટર બનવું છે. ક્રિકેટ રમવાનો અને જોવાનો પણ શોખ છે. તેના પિતા મિતેષભાઈ ઍન્જિનીયર છે, જ્યારે માતા પલ્લવીબેન ગૃહિણી છે.

તપોવન વાત્સલ્યધામ રેસીડેન્સીયલ અંગ્રેજી સ્કૂલનું ગૌરવ : મનીષકુમાર પ્રથમ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના અમીયાપુર ગામે આવેલી તપોવન વાત્સલ્યધામ રેસીડેન્સીયલ અંગ્રેજી માધ્યમની શાળાનું આ વર્ષનું ધોરણ-૧૦ની પ્રથમ બેચનું ૧૦૦ ટકા પરિણામ આવતા શાળાના ટ્રસ્ટી મંડળે સૌને અભિનંદન પાઠવ્યા છે.

અમીયાપુર ગામે આવેલી તપોવન વાત્સલ્યધામ રેસીડેન્સીયલ અંગ્રેજી માધ્યમની શાળાનું ધોરણ-૧૦નું ૧૦૦ટકા પરિણામ આવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ પૈકી પરીવ મનીષકુમાર શાહે ૮૭ટકા સાથે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.

તપોવન સંસ્કારપીઠ ગુજરાતી માધ્યમ સ્કૂલનું પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ પૈકી વિમલ સેવંતીલાલ શાહે ૯૨ ટકા મેળવી શાળામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. શાળા પરીવાર અને ટ્રસ્ટી મંડળે સૌ વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.